

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ગરીબો ને કચડવાની તાકત મળી જાય છે!*
*જીવતાં જ મસળવાની ફાવટ મળી જાય છે!*
*નાહક ડર રાખે છે ગુન્હેગારો ન્યાય-સજાનો,*
*'કલાકારો'ને આ કોર્ટમાં રાહત મળી જાય છે!*
*(કરોડપતિઓ પ્રત્યે ન્યાયદેવીની કરૂણા?!)*

### હાઈકુ

*થયો વિકાસ!*
*'દેશી' ગ્રામોદ્યોગનો -*
*લ્યો! ગામે-ગામ...*
*(દારૂની ભઠ્ઠીઓ)*

*થયો હંબગ -*
*'દબંગ'ને જોઈને -*
*કાયદો પણ...*
*(સલમાનભાઈ..નિર્દોષ..!!*
*(અભિનંદન...)*

### ચિંતન

**સુખાર્થી વા ત્યજેત્-વિદ્યાં, વિદ્યાર્થી વા ત્યજેત સુખમ્ ।**
**સુખાર્થિનઃ કૃતો વિદ્યા વિદ્યાર્થિનઃ કુતો સુખમ્ ॥**

'ચાણક્યનીતિ'ના દસમા અધ્યાયનું આ સૂત્ર છે.

'સુખ-સુવિધા-આરામની અપેક્ષા રાખનાર વિદ્યાર્થીએ ભણવાનું છોડી જ દેવું જોઈએ અને પાટને-ખાટની જ પ્રિતી રાખવી. એમનાથી ભણાય નહીં.' પરંતુ વિદ્યા-અભ્યાસ કરી 'કંઈક થવાની' ઈચ્છા રાખનારા વિદ્યાર્થીએ એશ-આરામ, સુખ-સુવિધાનો ત્યાગ કરવો જોઈએ. વિદ્યાપ્રાપ્તિ એ તો કઠોર-તપ-સાધના છે.'

આજના વિદ્યાર્થીઓ તેમાં ય જો વિજ્ઞાન કે ટેકનિકલ વિષય રાખ્યા હોય તો મા-બાપને ઊભાં ને ઊભાં રાખે. વાહન-કોમ્પ્યુટર-ઊંચી જાતના મોબાઈલ જેવી સુવિધા સાથે મોંઘા દાટ એકેક વિષયના અલગ ટ્યુશન માગે છે. પોતે-જાતે તો કંઈ જ મહેનત કરવી નથી. ટ્યુશનવાળા પાસે જાદુઈ લાકડી નથી. વિદ્યાર્થી જાતે જ જો ન વાંચે તો - મહેનત ન કરે તો કંઈ જ પરિણામ આવતું નથી.

આરામ કરનારા હમણાં આરામ કરી લે પછી જિંદગી આખી મજૂરી જ લખી છે. મહેનતું વિદ્યાર્થી જવાબદારી વાળી જગ્યા પર બેસી આરામથી જીવે છે.

### સુવિચાર

- પુસ્તક બરફ ને તોડતી છીણી છે,
  જે વ્યક્તિની અંદર થીજી ગયેલા સમુદ્રનું તોડીને પીગળાવી શકે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- વિદ્વાન માણસનું જ્ઞાન કોઈ કામનું નથી,
  જો તેને પોતાની જીભ ઉપર કાબૂ ન હોય - **ઉમાશંકર જોશી**
- આપણે જેટલા આપણી પોતાની જાતથી નિકટ છીએ
  તેના કરતાં એ પરમતત્ત્વ આપણાથી વધુ નિકટત્તમ છે - **ઝેન કથન**
- સદ્ગુણો એ જીવનને શણગારતું વસ્ત્ર છે, એટલે એને સાચવવું પડે,
  સદ્ગુણાના શાહી સોદાગર બની શકાય, 'દાણચોર' નહીં - **ચંદ્રકાન્ત બક્ષી**
- ઈશ્વર જેને ચાહે છે તેને જ ઘસી-ઘસીને માંજે છે, જેથી તે ચમકી શકે!! - **એસ. ભટ્ટાચાર્ય**
- **આજનું ઓષધ : માથામાં કાંદાનો રસ નાખી ઘસવાથી જૂ મરી જાય છે**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

સ્વચ્છતા, સમાજસેવા, જેવા નાગરિકની ફરજ જેવાં કાર્યોમાં પણ આપણે 'સરકાર-નગરપાલિકા-એનજીઓ' કરશે જેવી બચાવ પ્રયુક્તિ દ્વારા જાતને જવાબદારીઓમાંથી મુક્ત કરીએ છીએ. આપણી આર્થિક-શારીરિક શક્તિ હોય ન હોય છતાં થાય એટલું જરુર કરી આપણી નાગરિક તરીકેની સામાજિક ફરજ અચૂક બજાવવી જ જોઈએ.

એક નાની દહેરીમાં કોડિયામાં - ઓછા પ્રકાશે દીવો ચાલુ હતો. તેલ ખલાસ થવા આવ્યું હતું અને અચાનક દીવાની વાટ પર અજવાળું પોતાની તમામ શક્તિથી જયોત વધારી ખૂબ વધારે અજવાળું ફેલાવા લાગ્યું અને થોડી જ વારમાં વાટ વિલાઈ ગઈ...

કોડિયું હસ્યું અને વાટને કહ્યું - તને ખબર જ હતી કે તેલ ખલાસ થઈ ગયું છે. જતાં જતાં આટલો બધો પ્રકાશ કરી હોલવાઈ જવાની શી જરુર હતી?

વિલાટી વાટે મૂરઝાતાં સ્મિત સાતે કહ્યું, મિત્ર! મહત્ત્વ તીવ્રતાનું છે. મેં અંધકાર સામે ખૂબ ટક્કર લીધી અને થોડી ક્ષણ માટે તેને દૂર પર રાખ્યું. આવી તીવ્રતાથી જો સમાજ પણ સક્રિય રહે તો કોઈને કંઈ ફરિયાદ જ ન રહે...

## 'દબંગ' ભાઈજાનને સજા થોડી કરાય!

### તંત્રીસ્થાનેથી....

તેર વર્ષના સુદીર્ઘ ઈંતેજાર પછી લોકપ્રિય સિનેસ્ટાર એમની દુખતી રગ બની ચુકેલા હિટ એન્ડ રન કેસમાં બા-અદબ બરી થઈ ગયા છે. હજી એમના માથે કાળિયારના શિકારનો કેસ ઝળૂંબે છે, એમાં પણ ઉપલી ઉદાલતો એમને ઉદારતાપૂર્વક બાઈજ્જત બરી કરશે, એવી આગાહી અસ્થાને નથી. આ 'કમબખ્ત' દેશમાં ન્યાય પણ ખરીદી શકાય છે - તમારી પાસે ખણખણતા કલદાર હોવા જોઈએ. મુંબઈ હાઈકોર્ટે સલમાન સામે મજબૂત પુરાવા નહીં રજૂ કરવા સબબ અભિયોજન પક્ષને લપડાક લગાવી જ છે. નીચલી અદાલતે ગ્રાહ્ય રાખેલ સાક્ષી પુરાવાને હાઈકોર્ટે વિશ્વસની નથી ગણ્યો. હવે તો સલમાનને દોષિત ઠરાવનારો એનો બોડીગાર્ડ આ જગતમાં હયાત પણ નથી. એક કોન્સ્ટેબલ રવીન્દ્ર પાટીલ સિવાયના તમામ સાક્ષીઓ એક પછી એક ફરી ગયા હતા. આવી સ્થિતિ કેવી રીતે સરજાઈ શકે તે સમજી શકાય એમ હતું. રવીન્દ્ર પાટીલ પણ વારંવાર એનાં નિવેદનો બદલતો રહ્યો હતો, છતાં એ એક મુદ્દાને ભારપૂર્વક વળગી રહ્યો હતો કે સલમાન નશામાં હતો અને એ જ ગાડી ચલાવતો હતો. એથી સેશન્સ કોર્ટે રવીન્દ્ર પાટીલની એક માત્ર જુબાની ગ્રાહ્ય રાખીને એને દાખલારુપ સજા ફટકારી ત્યારે અત્ર-તત્ર-સર્વત્ર ન્યાયતંત્રની પ્રશંસા થયેલી. હવે એ જ ન્યાયતંત્રની ઉપલી અદાલત નીચલી અદાલતના ચુકાદાને નિરસ્ત કરી સલમાનને બધા આરોપોમાંથી મુક્ત કરે છે ત્યારે પ્રશ્ન થાય છે કે પછી પેલા કમનસીબ નુરુલ્લાને કચડ્યો કોણે? એ ગરીબ મજૂર સાથે બીજા ચાર-પાંચ મજૂરો પણ ઘવાયા હતા. મરનાર નુરુલ્લાની રૂહ એની કબરમાં રહ્યાં રહ્યાં પોકાર કરતી હશે કે મારા પર ગાડી ચડાવનાર સલમાન હોય કે એક્સ-વાય-ઝેડ, એને એના કુકર્મની સજા તો મળવી જ જોઈએ. જો કે આપમે સૌ જાણીએ છીએ કે ન્યાયની દેવી આંધળી નહીં હોય તોય એણે આંખે પાટા તો બાંધી જ રાખેલા છે. હજાર ગુનેગાર બચી જાય પણ એક નિર્દોષને સજા ન થઈ જાય, એવો ઉદાર અભિગમ ધરાવતી બ્રિટિશ ન્યાય પ્રણાલીને આપણા પોલીસતંત્ર અને પૈસાના પુજારી વકીલોએ હાસ્યાસ્પદ જ નહીં, શંકાસ્પદ બનાવી મૂકી છે. બની શકે કે સર્વોચ્ચ અદાલત હાઈકોર્ટના ચુકાદાને આટલી જ કઠોરતાપૂર્વક ફગાવી દે, પણ એ માટે પેલા ગરીબ મજૂરોની તરફેણમાં ઊતરવા તૈયાર પ્રભાવશાળી વકીલની જરુર પડે. આ દેશમાં ફૂટપાથ પર સૂનારાંની વકીલાત કરવા કોણ નવરું છે? માનવતાવાદી વર્ગ લઘુમતીમાં છે, એનો અવાજ ફક્ત કાગળ ઉપર રહી જાય છે - ત્યારે મૂડીવાદી મહારાષ્ટ્ર સરકાર અને મોદી સરકારે આ મુદ્દે એ નિર્દોષ પરિવારોની પડખે ઊભા રહેવાની ફરજ નથી શું? હાઈકોર્ટે સલમાન સામેનો કેસ સાબિત કરવામાં ફરિયાદી પક્ષ સદંતર નિષ્ફળ રહ્યો હોવાનું નિરીક્ષણ કર્યું છે, પરંતુ સલમાને જેને પ્રોક્સી તરીકે આગળ ધરી દીધેલો એ ડ્રાઈવર તો છેવટે ગુનેગાર ગણાવો જોઈએ કે નહીં? હાઈકોર્ટે એવા કોઈ આદેશ તો કર્યો જ નથી. ધન્ય છે! 'સમરથ કો નહીં દોષ ગુસાઈ' વાળું પેલું સંત તુલસીદાસનું કથન કેટલું અર્થપૂર્ણ લાગે છે! મહારાષ્ટ્ર સરકારનો કેન્સ્ટેબલ જ એક માત્ર આંખે જોનાર સાક્ષી હતો, બાકીના તો વેચાઈ ગયા. શું મહારાષ્ટ્ર સરકારની ફરજ નથી કે તે પોતાના નિર્દોષ નાગરિકોને ન્યાય અપાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરે?

## ગાયના નિમિત્તે પ્રાણ દેવા એ અંતિમ તપશ્ચર્યા
# હિન્દુ-મુસ્લિમ અને ગૌરક્ષા સંબંધે ગાંધી વિચાર

મહાત્મા ગાંધીએ સમગ્ર જીવનકાળ દરમિયાન મોટી કહી શકાય તેવી રાષ્ટ્રીય સમસ્યાઓ પર ધ્યાન આપ્યું છે તેટલું જ ધ્યાન દેખાવમાં નાની સમસ્યાને પણ આપ્યું છે. ગૌ રક્ષાના પ્રશ્નને એમણે પ્રાણીજગતના કલ્યાણ માટેની કરૂણાભરી ચિંતા સાથે જોડીને વધુ વિશાળ ફલક પર પ્રયત્ન કર્યો, એમણે ગાયોની ઓલાદ સુધારવા, બળદો સાથે દયાથી વર્તવા, નમૂનારુપ દુગ્ધાલતો સ્થાપવા તરફ દૃષ્ટિ દોડાવવા પણ સમાજને સલાહ માર્ગદર્શન કર્યું હતું.

બિહારમાં ચંપારણ સત્યાગ્રહ વખતે ગળીની ખેતી કરતા કિસાનોની સ્થિતિની તપાસ અર્થે ગાંધી ગયા હતા તે સમયે શાહાબાદમાં હિન્દુ-મુસ્લિમ રમખાણો થયા હતા. એ સમયે પણ હિન્દુ-મુસલમાનો વચ્ચેની અથડામણનું કારણ આજના સમયની જેમ જ ગૌહત્યા જ હતું. બિહારના બેતિયા ગામની ગૌરક્ષિણી સભાએ ગૌશાળાનો પાયો નાંખવાનું કામ મહાત્મા ગાંધીને સોંપાયું હતું. એ સમયે તેમણે વકતવ્યમાં કહ્યું હતું કે "હાલના સમયમાં ગૌ રક્ષાના બે જ અર્થ રહી ગયા છે. એક તો એ કે બકરી ઈદ આદિના દિવસોમાં ઈસ્લામી ભાઈઓના હાથમાંથી ગાયોને છોડાવવી, અને બીજો એ કે દુબળી ગાયોને માટે ગૌશાળા બનાવવી."



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

મુસલમાન ભાઈઓ કોઈ કોઈ અવસરે ગાયની હત્યા કરવામાં પુણ્ય સમજે છે એવું કહેવા સાથે ગાંધી કહે છે : 'ગાંયની હંમેશા હત્યાનું જ ફરમાન ઈસ્લામી ધર્મનું હોત તો હિન્દુસ્તાનમાં શુદ્ધ શાંતિનો સદા અભાવ રહ્યો હોત. એમણે પોતાની વિસ્તૃત સમજ વ્યકતા કહ્યું હતું કે મુસલમાનો માટે બકરી ઈદ આદિ તહેવારોમાં ગાયનો હંમેશા વધ કરવો એવું એમના ધર્મ પ્રત્યેની ફરજમાં નથી. પરંતુ જયારે હિંદુઓ ગૌ હત્યા અટકાવવા માટે પ્રયત્ન કરે છે ત્યારે મુસલમાનો ગૌ હત્યા કરવાની ફરજ છે એમ માની બેસે છે. ગમે તેમ હોય પણ મારો દૃઢ નિશ્ચય છે કે આ અવસરે ગાયના નિમિત્તે પ્રાણ દેવાએ આપણી અંતિમ તપશ્ચર્યા છે, એમ મહાત્મા કહે છે.'

આ ભીષ્મ તપશ્ચર્યા કરવાનો પણ બધા હિંદુઓને અધિકાર નથી તેવો ઉલ્લેખ કરતા કહે છે કે બીજાને પાપકર્વ કરવામાંથી રોકવાવાળાએ પોતે તેમાંથી મુક્ત થવું જોઈએ. હિંદુ સંસાર ગાય અને તેના વંશ ઉપર બહુ ભારે અત્યાચાર કરી રહ્યો છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ આપણી ગાયોની હાલની દસા છે. જેનું લોહી અને માંસ સુકાઈ ગયું છે, જેની ચામડીમાંથી હાડકાં ચોખ્ખા દેખાઈ આવે છે. જેને પૂરતું ખાવાનું મળતું નથી. જેની ઉપર અસહ્ય બોજો નાંખવામાં આવે છે. અને પૂંછડું મરડી કે પરોણી મારીને જેને ચલાવવામાં આવે છે તેવા હજારો બળદોને જયારે હું જોઉં છું તે સમયે મારું હૃદય રડે છે, મારું શરીર ધ્રુજે છે. આવા પ્રકારની ઘોર હિંસા કરતાં ન અટકીએ ત્યાં સુધી ઈસ્લામી ભાઈઓને શું કહી શકીએ?

આપણે ગાયનું દૂધ હરી લેવામાં જરા પણ શરમાતા નથી. આપણી સ્વાર્થ બુદ્ધિ એટલી તીવ્ર રહે છે કે ડેરીઓમાં તો વાછરડાંઓને માતાના દૂધ વગરના રાખવામાં આવે છે. આવી ડેરીઓના દૂધ પીવાનું આપણે ચાલુ રાખીએ છીએ ત્યાં સુધી મુસલમાન ભાઈઓને કંઈ પણ કહેવાનો આપણને શો અધિકાર! એવો પ્રશ્ન તેઓ કરે છે.

હિન્દુઓ આ બાબતે વિચારીને ગાય અને ગૌવંશ અંગે કામ કરશે તો અવશ્ય મુસલમાનો પણ ગો વધના બદલે કોઈ બીજી જાતની કુરબાનીથી પોતાના ધર્મ ક્રિયા કરશે.

ગૌશાળામાં માત્ર દુબળી ગાયોને આશરો આપવાના બદલે સારું દૂધ ઉત્પાદન થાય એવા પ્રયાસો કરીને આર્થિક સ્વતંત્રતા મેળવવા પર ભાર મુક્તા મહાત્મા કહે છે, ગામ કે શહેરમાં નહીં પરંતુ બહારની બાજુએ ગૌશાળાને સેંકડો એકર જમીન આપીને ત્યાં સારી જાતનું અનાજ ઘાર પેસા કરીને સારું દૂધ ઉત્પાદન અને મળમૂત્રાદિનું ખાતર પેદા કરીને એનો સુંદર ઉપયોગ કરીને સારું પરિણામ આપણે મેળવી શકીએ.

સંદર્ભ : બેતિયામાં ગૌરક્ષા વિષે ભાષણ ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૪, પૃષ્ઠ : ૧

**લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.**




# છેલ્લો દિવસ : એક હલકી-ફૂલકી ગુજરાતી ફિલ્મ



તમને પૂછવામાં આવે કે કોલેજ કાળ દરમિયાન તમારું પ્રિય પ્લેસ કયું હતું ? જો જવાબમાં કેન્ટીન આવે તો તો તમારે 'છેલ્લો દિવસ' જોવું જ રહયું. કોલેજ કરતા હો અથવા ન કરતાં હો, કોલેજ પૂરી કર્યે વર્ષો થઈ ગયા હોય અથવા એકાદ-બે વર્ષ થયા હોય તો તમારે ચોકકસપણે 'છેલ્લો દિવસ' જોવો જ રહયો.

'છેલ્લો દિવસ' એક સુંદર હલકી-ફુલકી ગુજરાતી ફિલ્મ છે. ૨૧મી સદીનું ગુજરાતી કોલેજ કલ્ચર આ ફિલ્મમાં છતુ થાય છે. દરેક પાત્રએ પોતાના કિરદારમાં પ્રાણ રેડયો છે. એમાંય ધૂળાનું પાત્ર તો ખૂબ ગમે એવું છે. એક અલ્લડ યુવાન મા-બાપના પૈસે લહેર કરે છે તો બીજો યુવાન ભણવામાં સીરીયસ છે.

કોલેજ કાળ દરમિયાન બનતા બનાવોને વાચા આપવાનો અને હાસ્યરસિક બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સમગ્ર ફિલ્મ દરમિયાન સ્હેજપણ કંટાળો આવતો નથી કે આપણે કોઈ ગુજરાતી ફિલ્મ જોઈ રહયા છે તેવો કોઈ ભાવ પણ મનમાં રહેતો નથી. ફિલ્મમાં કથાનક જેવું વિશેષ કાંઈ નથી. છતાં ફિલ્મ પાણીની માફક વહે છે. પ્રત્યેક ડાયલોગ આનંદ કરાવે છે. 'છેલ્લો દિવસ' ફિલ્મમાં ચીલાચાલુ કોમેડી કરતાં જુદા જ પ્રકારની કોમેડી છે. પહેલાના વખતમાં ભદ્રં ભદ્રનું માર્મિક હાસ્ય અને ત્યારબાદ જોકસ અને મિમિક્રી, કેટલાક નાટકોમાંતો ચાર-પાંચ જોકસ ભેગા કરીને પ્રેક્ષકોને હસાવવાના ભદ્દા પ્રયત્નો, વગેરેથી કંટાળી ગયા હોવ ત્યારે 'છેલ્લો દિવસ' તદ્દન જુદુ અને સાવ બેફિકરાઈવાળા ડાયલોગથી સિનેમાહોલનું વાતાવરણ જીવંત બનાવે છે.

'છેલ્લો દિવસ' ની વિશેષતા એ રહી છે કે પ્રત્યેક સીનમાં હાસ્ય તો ફૂટી જ નિકળે છે. ડાયલોગનો કોઈ મોટો ભાર નહિ. અઘરા શબ્દો નહિ. સ્ક્રીપ્ટમાં કોઈ સાહિત્યિક આડંબર નહિ. સાદા સરળ અને પ્રેક્ષકોની બોલચાલની ભાષાનો સંવાદ હૃદયસ્પર્શી બને છે.

જાનકી બોડીવાલાએ પૂજાના પાત્રમાં સુંદર અભિનય કર્યો છે. ગુજરાતી સંસ્કારી ઘરોમાં છોકરીઓને કેટલા વાગ્યા સુધી બહાર જવાની મંજૂરી હોય છે તેની સુંદર વાત લેખકે મૂકી છે. તો લોયના પાત્રમાં મિત્ર ગઢવીનું કેરેકટર ઉપસી આવે છે. વીકી (મલ્હાર ઠકકર) એક પૈસાવાળા બાપનો બગડેલો છોકરો છે. જયારે ધૂળો (આર્જવ ત્રિવેદી) એક જડભરતના પાત્રમાં, માત્ર એકજ ઈન્દ્રીય કામ કરતી હોય તેવું હાસ્યરસિક પાત્ર ઉપસાવવામાં સફળ થયો છે. દરેક કલાકાર અભિનય કરતાં નથી લાગતા પણ સાહજિકતાથી વર્તતા હોય તેવું લાગે છે. જેથી પ્રેક્ષકને ફિલ્મનો કોઈ ભાર લાગતો નથી.

પ્રેક્ષકોનું હૃદય દુઃખી થાયને મન ગ્લાનીથી ભરાઈ જાય એવા કોઈ સીન અંદર નથી. કોઈ આઈટમ સોંગ નથી કે મારામારી નથી. કોલેજ લાઈફ, ધીંગામસ્તી, લવ, અફેર, કોમેડીથી ભરપુર છે.

હા, એક વાત ચોકકસ છે. તમારી કોલેજ લાઈફને યાદ કરાવી દે એટલી મજબૂત ફિલમ બનાવી છે દિગ્દર્શક ક્રિષ્ન દેવ યાજ્ઞિકે. ફિલ્મમાં એક પછી એક લીધેલા પ્રસંગોમાં તમે તમારા કોલેજ સાથે ભણતાં યુવામિત્રોને યાદ ન કરો તો જ નવાઈ ! ફિલ્મ જોયા બાદ કદાચ તમે તમારા કોલેજકાળના કલાસમેટને ફોન કરો એવુંય બને.



અદબ-પલાંઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

કોલેજ કેન્ટીન, કલાસરૂમ, લવ, રોમાન્સ, બ્રેકઅપ, કોલેજનો યુથ ફેસ્ટિવલ, બોરીંગ અધ્યાપક, ટીપીકલ આચાર્ય, બર્થડે ઉજવણી વગેરેનું અદ્ભૂત નિરૂપણ છે. આઠેય મિત્રોના સંબંધોના તાણાવાણામાં જન્મતો અને સંવર્ધિત થતો તેમનો સ્નેહ ફિલ્મનું હાર્દ છે.

ધૂળાનું પાત્ર તમને ન ગમે તો જ નવાઈ! જયારે કોલેજના સેવકનું પાત્ર ધ્યાન ખેંચે છે. અને તેના વધુ શિષ્ટ ડાયલોગ સાંભળી હસી હસીને બેવડ વળી જવાય છે.

ટેકનીકલી બે-ત્રણ બાબતોની ઊણપ હોવા છતાં અને ડોલાવી દે એવું સંગીત ન હોવા છતાં એકવાર ફિલ્મ જોવા જેવી છે.

તમારા કામકાજના ભારને ભૂલવા અને હળવાફૂલ થવા 'છેલ્લો દિવસ' માણવી જ રહી.

ફિલ્મ : 'છેલ્લો દિવસ'
લેખક-દિગ્દર્શક : ક્રિષ્ન દેવ યાજ્ઞિક
કલાકાર : પ્રાપ્તી અજવાળીયા, જાનકી બોડીવાળા, મયૂર ચૌહાણ, મિત્ર ગઢવી, કિંજલ, રાજપરીયા, રાહુલ રાવલ, યશ સોની, મલ્હાર ઠકકર, આર્જવ ત્રિવેદી.
એડીટીંગ : નીરવ પંચાલ.

મિસરી : "ભૂખ રિશ્તો કો ભી લગતી હૈ પ્યાર પરોંસકર તો દેખીએ."
(sms- kamesh b. shah)

- santoshdevkar03@gmail.com


## નિરખી શ્વેત આરસ તાજનો સૌ વાહ... વાહ! બોલી જાય છે; પણ પૂરાયો પાયો જે પથ્થર, એની ગણનાય કયાં થાય છે!

**ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત**

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધડકતું અને ધબકતું રાખી તેને મધમધતું અને મહેંકતું રાખવા યોજાતા સાહિત્યિક કાર્યક્રમ 'સર્જકની કેફિયત' અંતર્ગત; સાહિત્ય સભાના સભ્ય અને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના અધિકારી વિજયસિંહ ચાવડાના કાવ્યોને સ્વમુખે પઠનનો કાર્યક્રમ, તા. ૧૩.૧૨.૨૦૧૫ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટ., સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. તો કવિ વિજયસિંહ ચાવડાના કાવ્યોને તેમની આગવી શૈલી અને અનોખી વાણીમાં માણવા અચૂક પધારવા; નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય-રસિકો-ભાવિકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સર્વે માનવંતા સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે. સમયની ઉપલબ્ધિને ધ્યાને લઈ, સભ્યો પોતાની સ્વરચિત અને પ્રકાશિત નહીં કરાયેલ કૃતિઓ રજૂ કરી શકાશે.

**સાહિત્ય વૃત્તસંચય**

જાણીતા વાર્તાકાર-કવિ મનોહર ત્રિવેદીને 'આદ્ય કવિ નરસિંહ મહેતા એવોર્ડ-૨૦૧૫'થી સન્માનિત કરવામાં આવ્યા છે, જે સન્માન તેઓના સાત કાવ્યસર્જનને આભારી છે. આ એવોર્ડની સાથોસાથ તેઓને 'જયંત પાઠક પુરસ્કાર-૨૦૧૫' તેઓની 'વેળા' (૨૦૧૨) સંગ્રહ માટે એનાયત થયેલ છે. તેઓએ 'મોં સૂઝણું - (૧૯૬૭) થી તેમની કાવ્યસાધનાનો પ્રારંભ કરીને ગીત-ગઝલ-અછાંદસ અને છાંદસ કાવ્યકૃતિઓમાં કવિ તરીકે એક જુદી જ ઓળખ અને ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલ છે. મનોહર ત્રિવેદીએ કાવ્યો ઉપરાંત 'નાતો' અને 'ગજવામાં ગામ'નામના બે વાર્તાસંગ્રહો તથા બાળ સાહિત્યનાં ત્રણ પુસ્તકો પણ આપ્યાં છે. આમ સંપાદન-વિવેચન વિગેરેમાં મળીને એમણે લગભગ વીસેક પુસ્તકોનું અમૂલ્ય પ્રદાન કરેલ છે. આ બંને એવોર્ડ ઉપરાંત ગુજરાતી સાહિત્ય અકાદમી ઉપરાંત અન્ય સાહિત્યિક સંસ્થાઓ તરફથી પંદરેક એવોર્ડથી એમને નવાજવામાં આવ્યા છે. મનોહર ત્રિવેદીનો જન્મ તા. ૪.૪.૧૯૪૪ ના રોજ અમરેલી જિલ્લાના 'હિરાણા' ગામે થયેલ અને તેમનું મૂળ વતન ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાનું 'સુરનિવાસ' ગામ છે. તેઓ ૧૯૬૩માં લોકભારતી સ્નાતક થયા અને ૧૯૭૬માં એમ.એ. કરીને ૧૯૭૦માં શિક્ષકનો વ્યવસાય સ્વીકારીને સને ૨૦૦૨માં નિવૃત્ત થયા ત્યાં સુધી એક નિષ્ઠાવાન શિક્ષક તરીકે સેવા બજાવી હતી. તેમના સાહિત્ય સર્જન માટે અનેક વિદ્યાર્થીઓ એમ.ફિલ. અને પીએચ.ડી. જેવી ઉપાધિઓ મેળવવા શોધકાર્ય કરી રહ્યા છે. તથા ધોરણ-૮, ૧૧ અને ૧૨ના પાઠ્યપુસ્તકોમાં તેમનાં કાવ્યો સ્થાન પામ્યાં છે, જે એમની કવિ તરીકેની વિશિષ્ટ ઉપલબ્ધિની સિદ્ધિને બેવડાવે છે.'



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સમાચારના કટાર લેખિકા રેખાબેન ભટ્ટની કલમે લખાયેલ કટાર 'પારિજાત'ને રન્નાદે પ્રકાશક દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે; જેમાં કથાઓ, વાર્તાઓ, દૃષ્ટાંતો, નિબંધ વિગેરે દ્વારા હકારાત્મક અને વિચારપ્રેરક લખાણો રજૂ કર્યા છે. તે સંગ્રહનું વિમોચન અને લોકાર્પણ ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાના મુખ્ય મહેમાનપદે અને જાણીતા ચિંતક જયોતિબેન થાનકીના અતિથિ વિશેષપદે સાહિત્યકારોની ઉપસ્થિતિમાં, તા. ૨-૧૨-૨૦૧૫ના રોજ ગાંધીનગર સેકટર-૭એ ખાતે, રેખાબેન ભટ્ટનાં સાસુ શ્રીમતી કપિલાબેન જમુભાઈ ભટ્ટ તથા માતા તારાબેન ઉમાશંકર ઉપાધ્યાયના વરદ્હસ્તે કરવામાં આવ્યું, જે સાહિત્ય જગતમાં એક અનોકો અને અનુકરણીય ચીલો ચાતરે છે.

● એન.એસ.પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદના આતિથ્ય આંતરરાષ્ટ્રીય કક્ષાનો 'લોકમહાકાવ્ય' પરનો ત્રિદિવસીય પરિસંવાદ ઈન્ડિયન ફૉકલોર કોંગ્રેસના પ્રમુખ, પ્રો. જવાહરલાલ હાંડુના પ્રમુખસ્થાને ઓકટો.૨૦૧૫માં ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલી દ્વારા ઉદ્ઘાટન વિધિ બાદ સંપન્ન થયો, આ ઉદ્ઘાટન સત્ર દરમિયાન એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજ દ્વારા પ્રકાશિત બે પુસ્તકો 'કાશ્મીરી રામાયણ' (લે. પ્રકાશરામ કુરીગામી, અનુવાદક - રતનલાલ તલાશી) તથા 'અવધિ લોકમહાકાવ્ય ચૈનેની : કૃતિનિષ્ઠ અભ્યાસ' (લેખક - હસુ યાજ્ઞિક)નું મહામહિમ રાજયપાલના વરદ્હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ભારત, નેપાલ તેમજ બાંગ્લાદેશ જેવા દેશોમાંથી ૪૮ જેટલા લોકસાહિત્યવિદોને ઉપસ્થિત રહી, 'લોકમહાકાવ્ય' પરના શોધપત્રો રજૂ કર્યા.

● સાહિત્ય સર્જક રમેશ ઠક્કરનાં પાંચ પુસ્તકો
(૧) ઈચ્છાની આરપાર
(૨) ઈશાન ખૂણેથી
(૩) સમણાં સાથે સવાર
(૪) આયનાનું અજવાળું અને
(૫) સંવેદનનું સ્ટેટ્સ
- નું વિમોચન, સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં સાહિત્યકાર રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને તથા સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહાના અતિથિ વિશેષ સ્થાને થયું જેમાં જાણીતા કટારલેખક જય વસાવડા, રઘુવીર ચૌધરી અને ભાગ્યેશ જહાએ પ્રાસંગિક વકતવ્યો આપ્યાં. સર્જક રમેશ ઠક્કરે પોતાની સર્જનયાત્રા વિશે વાત કરી અને કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

*દધિ મુકતક*

*નિરખી શ્વેત આરસ તાજનો*
*સૌ વાહ... વાહ! બોલી જાય છે;*
*પણ પૂરાયો પાયો જે પથ્થર,*
*એની ગણનાય કયાં થાય છે!*

*હાઈકુ*

*નારી થૈ સંગ*
*દોરી, કિન્ના ને હવા,*
*ચગ્યો પતંગ!*

*અભરે ભરી*
*વેદના હૃદયમહીં;*
*લોચન ચુએ!*

- muljibhaidadhi@gmail.com

### ખજાનો (અનિલ પટેલ)

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**સુબ્રહ્મણ્યમ સ્વામી કરેલ કયા કેસમાં હાલ કોંગ્રેસ સરકારનો વિરોધ કરી રહી છે?**

**'ગાંધીનગર સમાચાર' ખજાનો વિભાગ, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**